ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૫.૨ ડીગ્રી
લઘુતમ : ૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૦ ટકા

# રક્ષાશકિત સર્કલથી કોબા સુધી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા

## વાહનચાલકોને સર્વિસ માર્ગનો ઉપયોગ કરવો પડ્યો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-અમદાવાદ ટ્વીન સીટી બનવા જઈ રહ્યું છે.ત્યારે રોજબરોજ ટ્રાફિક સમસ્યા પણ વિકરાળ બની રહી છે. શહેરના માર્ગો પર વાહનોની સંખ્યામાં તોંતિગ વધારો થતા દોડાદોડી કરતા ટુ-થ્રી અને ફોર વ્હીલર વાહનો નજરે પડે છે. શહેરમાં હવે તો સામાન્ય દિવસોમાં પણ અમદાવાદ જેવા ટ્રાફિકનો અનુભવ ગાંધીનગરાઓ કરી રહ્યા છે. ત્યારે ટ્રાફિક સમસ્યા નિવારવા માટે તંત્ર દ્વારા ઠેરઠેર ટ્રાફિક સિગ્નલ મુકવામાં આવ્યા છે. ત્યારે આજે રવિવારની રજા હોવા છતા ગાંધીનગર કોબા માર્ગ પર વાહનોની અવરજવરનો ભારે ધસારો રહેવા પામ્યો હતો. બપોરના ૩ થી ૪ કલાકના અરસામાં રક્ષા શકિત સર્કલથી પીડીપીયુ સુધીના માર્ગ પર ભારે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. અડધા કલાક સુધી વાહનચાલકો અટવાઈ ગયા હતા. જેને પગલે કેટલાક વાહન ચાલકોએ ગાડી પરત લઈને સર્વિસ માર્ગનો ઉપયોગ કર્યો હતો. બપોરના સમયે સર્વિસ રોડ પણ કોબા સુધી ભારે ટ્રાફિકની અવર જવરને પગલે ધમધમતો હતો.ત્યારે ગાંધીનગર કોબા માર્ગ પર વાઈબ્રન્ટનો પગલે માર્ગ નવીનીકરણનુ કામ શરુ હોવાથી વાહનો એક લાઈનમાં જઈ રહ્યા હતા તેવી સ્થિતિમાં માર્ગ વચાળે કોઈ કાર ખોટવાતા ટ્રાફિકજામની આ પરિસ્થિતિ સર્જાઈ હોવાનું જાણવા મળ્યું છે. માર્ગ વચાળે ટ્રાફિકમાં ફસાયેલા કેટલાક વાહનચાલકોએ પોતાના વાહન માર્ગની સાઈડમાં લઈ લીધા હતા. જયારે ટ્રાફિક હળવો થયા બાદ કેટલાક વાહન ચાલકો આગળ વધ્યા હતા. જયારે માર્ગ પર ટ્રાફિકજામને પગલે વાહનોની હારમાળા સર્જાઈ હતી. ગાંધીનગર અમદાવાદ માર્ગ પર તો હવે સામાન્ય દિવસોમાં પણ ભારે ટ્રાફિક રહેતો હોય છે. વાહનોની અવરજવરથી માર્ગ સતત ધમધમતો રહે છે. ત્યારે આગામી સમયમાં અમદાવાદ શહેરમાં સર્જાય છે તેવો ટ્રાફિક ગાંધીનગર શહેરમાં પણ જોવા મળે તો નવાઈ નહી.



ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી ટુ હેલ્પ ફાઉન્ડેશન દ્વારા થર્ટી ફર્સ્ટને અનુલક્ષી આજે 'ઉજવણી ૨૦૧૮' શિર્ષક હેઠળ શહેરની દિવ્યાંગ બાળકો માટેની શૈક્ષણિક સંસ્થાઓ ઉપરાંત આશ્રમ શાળા, સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ વગેરેના બાળકો તેમજ વૃધ્ધાશ્રમના વડીલોને આનંદ કરાવવાના હેતુથી રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રાસ ગરબામાં જાણીતા ગરબા ગાયિકા સરલા દવેએ લાઈવ ગરબા પ્રસ્તુત કર્યા હતા.

# સિવિલ સંકુલમાં ખાણી-પીણીની લારીઓના અડીંગા

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં દર્દીઓ અને મુલાકાતીઓનો ધસારો દિન પ્રતિદિન વધી રહ્યો છે. સિવિલનો તાત્કાલીક વિભાગ અને ઓપીડી દર્દીઓથી ઉભરાય છે. રોજના હજ્જારો વિવિધ રોગના દર્દીઓ સારવાર માટે ગાંધીનગર હોસ્પિટલ ખાતે આવે છે.ત્યારે મુલાકાતીઓના ધસારાને જોઈ સિવિલ સંકુલમાં ઠેરઠેર ખાણીપીણીની લારીઓ દ્રશ્યમાન થાય છે. ખાણી-પીણીના લારીઓ વાળાએ સિવિલમાં રીતસરના અડીંગા ગોઠવી દીધા છે. ત્યારે કેમ્પસમાં તબિબિ અધિક્ષકની મંજુરી વિના કોઈ કામ થઈ શકે નહી ત્યારે ખાણીપીણીની લારીઓ કોના ઈશારે ગોઠવાઈ છે તે પણ તપાસનો વિષય છે. ત્યારે તાત્કાલીક અસરથી ખાણીપીણીની લારીઓ દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયના પાટનગર ગાંધીનગરમાં મેડીકલ કોલેજ બનતા આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. જેને પગલે હોસ્પિટલમાં દર્દીઓનો ભારે ધસારો રહેવા પામે છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની બિલ્ડીંગ સહિત કેમ્પસમાં મેડીકલ કોલેજ અને નર્સિંગ કોલજ કાર્યરત હોવાથી વિદ્યાર્થી ભાઈ બહેનોની સંખ્યા પણ સવિષેશ જોવા મળે છે. દર્દીઓને પગલે સિવિલ રાત દિવસ ધમધમે છે. સિવિલ કેમ્પસમાં તંત્ર દ્વારા શોંપીગ સેન્ટર બનાવાયું છે, જેમાં દરેક જીવન જરુરીયાતની ચીજવસ્તુઓ મળી રહે છે. જયારે દર્દીઓની દવા માટે દુકાનો પણ આવેલી છે. સિવિલ કેમ્પસના એરીયામાં કોઈ પણ ચીજવસ્તુ મુકવા માટે તબિબિ અધિક્ષકની પરવાનગી લેવી આવશ્યક છે. દર્દીઓને લેવા મુકવા માટે આવતી ઓટો રીક્ષા પણ કેમ્પસમાં ઉભી રહી ના શકે, ત્યારે આરોગ્યના ધામમાં જ્યાં દર્દીઓ બિનઆરોગ્યપ્રદ ખોરાક ખાઈને બિમારીનો ભોગ બની સારવાર માટે આવે છે. અને સારવાર મેળવી સ્વસ્થ બની ઘરે પરત ફરે છે. ત્યાં જ ખાણીપીણીની લારીઓ ધમધમી રહી છે. કોની પરમિશનથી આ લારીઓ ગોઠવાઈ ગઈ છે તે પણ તપાસનો વિષય છે. સિવિલ સંકુલમાંથી ખાણીપીણીની લારીના અડીંગા નાંખીને બેઠેલા વેપારીઓને તાત્કાલીક અસરથી દુર કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# સે-૩ ડીમાં ડહોળુ પાણી આવતું હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ગટર અને પાણીના પ્રશ્નો ઉદ્‌ભવી રહ્યા છે. શહેરના નિર્માણને પાંચ દાયકાનો સમય વિતી ગયો છે. જેથી પાણીની પાઈપો જુની અને જર્જરીત થઈ ગઈ હોવાથી પાણીમાં રેતી તેમજ ડહોળુ આવવાની ફરીયાદ વસાહતીઓમાં ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ પ્રશ્નો ઉઠવા પામ્યા છે, જેમાં પાણીમાં રેતી તેમજ ડહોળુ આવતુ હોવાની ફરિયાદ સેકટર-૩ ના વસાહતીઓ માંથી ઉઠવા પામી છે. શહેરમાં વિવિધ કંપનીઓ દ્વારા ખોદકામ ચાલી રહ્યું છે. જેને પગલે પણ પાણીની લાઈમાં લીકેજ પડતા પાણીમાં રેતી આવી શકે છે. જયારે વધુ પ્રમાણમાં પાઈપ લાઈન ડેમેજ થઈ હોય તો પાણી ડહોળુ પણ આવી શકે છે. ત્યારે સેકટરમાં કયાંક પાઈપ લાઈનમાં ભંગાણ પડ્યુ હોય તેમ નાગરીકોને લાગી રહ્યું છે. સ્થાનિક વસાહતીઓએ પોતાના ઘર પાસે લીકેજ લાગતા કારીગરોને બોલાવી રીપેરીંગ કામગીરી પણ હાથ ધરી છે.જયારે પાણી ડહોળુ આવતા નાગરીકોને પીવા માટે મીનરલ વોટરના જગ રૂપીયા ખર્ચી મંગાવવા પડે છે. ત્યારે પાણીની લાઈન જુની થઈ ગઈ હોવાથી આ પ્રકારની સમસ્યાઓ સામે આવી શકે છે. ત્યારે સેકટર-૩ ખાતે પાણીની પાઈપ લાઈનમાંથી શુદ્ધ પાણી આવે તેની રાહ નાગરીકો જોઈ રહ્યા છે.




દિવ્યાંગ ક્ષેત્રે IEDSS માં ફરજ બજાવતા કર્તવ્યનિષ્ઠ વિશિષ્ટ શિક્ષક શ્રી વિક્રમસિંહ ચાવડા (માણેકપુર)વય નિવૃત્ત થતા શ્રી નવજીવન સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ - ગાંધીનગર દ્વારા સમારોહ હોટલ નટરાજ પેલેસ-દેલવાડ ખાતે યોજવામાં આવ્યો. જેમાં DO કચેરીના ગઢવી સાહેબ, જિલ્લા આચાર્ય સંઘ ના પ્રમુખ શ્રી પ્રદીપસિંહે ઉપસ્થિત રહી શોભા વધારી હતી.



શ્રી પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજના એન. એસ. એસ. યુનિટ દ્વારા સેવા વિસ્તારમાં કપડાં વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે યુવાધન ૩૧મીની પાર્ટીની તૈયારી કરી રહ્યા છે ત્યારે યુવાનોનો એક એવો પણ વર્ગ છે જે સેવા કાર્યોમાં લાગેલો છે. જયારે ગાંધીનગરમાં ઠંડી રેકોર્ડ તોડી રહી છે ત્યારે ખુલ્લામાં વસવાટ કરતા જરૂરિયાતમંદ ભાઈ બહેનોને કપડાં વિતરણ કરીને યુવાનો પોતાની ફરજ અદા કરી રહ્યા છે. આ કાર્યક્રમ હજુ આવનારા બે અઠવાડિયા સુધી ચાલનાર છે. કાર્યક્રમનું આયોજન એન. એસ. એસ. યુનિટના પ્રોગ્રામ ઓફિસર ડો. નરેન્દ્ર કે. પટેલ દ્વારા કરવામાં આવ્યું છે. કોલેજના આચાર્ય ડો. ઊર્મિલાબેન ચૌધરીએ કોલેજની તમામ વિદ્યાર્થીનીઓને આ કાર્યમાં પોતાનો ફળો આપવા માટે અપીલ કરી હતી.

# કુડાસણ પાટિયા પાસે હિટ એન્ડ રન

## બેફામ ગતિએ જતી અજાણી કારે એક્ટિવાને અડફેટે લઈ એક્ટિવા ચાલકને મોતને ઘાટ ઉતાર્યો : કાર સાથે આરોપી ચાલક રફુચક્કર

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર નજીક આવેલા કુડાસણ પાટિયા પાસે ગઈકાલે મોડી રાત્રે હિટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. ઈન્ફોસીટી ખાતે એક ઝેરોક્ષની દુકાનમાં નોકરી કરતો યુવાન રાત્રે સાડા અગિયાર વાગ્યાના અરસામાં એકટીવા લઈને ઘર તરફ જઈ રહ્યો હતો ત્યારે બેફામ ગતિએ નીકળેલી અજાણી કારે એક્ટિવાને અડફેટે લઈ લીધું હતું અને એક્ટિવા ચાલક યુવાનને મોતને ઘાટ ઉતાર્યો હતો. અકસ્માત બાદ આરોપી કાર ચાલક કાર સાથે જ રફુચક્કર થઈ ગયો હતો. ઈન્ફોસિટી પોલીસે આ મામલે મૃતકના ભાઈની ફરિયાદના આધારે અજાણ્યા કાર ચાલક સામે ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજ મેળવી ફરાર થઈ ગયેલા આરોપી કારચાલકને શોધી કાઢવા ચક્રોગતિમાન કર્યા છે.

વિજાપુર ખાતે રહેતા મનિષભાઈ કાળીદાસ કડીયાએ ઈન્ફોસિટી નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ૩૦ વર્ષિય મોટાભાઈ સંજયકુમાર ઈન્ફોસિટી ખાતે આવેલી રાજ ઝેરોક્ષમાં છેલ્લા ૧૦ વર્ષથી નોકરી કરતા હતા. ગઈ કાલે રાત્રે સાડા અગિયાર વાગ્યાના સુમારે સંજયભાઈ એક્ટિવા લઈને ઘરે જવા નીકળ્યા હતા. ગાંધીનગરથી અમદાવાદ જતા રોડ પર કુડાસણ પાટીયા પાસે એક કાર ચાલકે એક્ટિવાને પાછળથી જબરદસ્ત ટક્કર મારી હતી અને પળવારમાં ફરાર થઈ ગયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ સંજયભાઈને તાત્કાલિક એપોલો હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં ફરજ પરના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતા. જેને પગલે મૃતક યુવાનના ભાઈ અકસ્માત સ્થળે ગયા હતા અને ત્યા જોયુ તો એક્ટિવા તુટેલી હાલતમાં પડ્યુ હતું અને ડિવાઈડર પાસે કારની તુટેલી નંબર પ્લેટ મળી આવી હતી. જેના નંબર જીજે-૦૧-કેઈ-૨૪૯૬ હતો. મૃતકના ભાઈએ નંબરના આધારે ફરિયાદ નોંધાવતા ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. કે. ચૌહાણે કારના નંબર અને સીસીટીવી ફૂટેજના આધારે સમગ્ર કેસની તપાસ શરૂ કરી છે.



### વાવોલ વિસ્તારમાં વિકાસ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગરના નજીકના ગુડા વિસ્તાર વાવોલ ખાતે સોસાયટી વિસ્તારના જાગ્રત રહીશોની વાવોલ વિસ્તાર વિકાસ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સમગ્ર ન્યુ વાવોલ વિસ્તાર તથા 'ક' રોડ પર વિકસેલ નવી સોસાયટી વિસ્તારની સમસ્યાઓના હકારાત્મક ઉકેલ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સાથે આ સમિતિ દ્વારા આગામી રવિવારે સોસાયટી વિસ્તારમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવા સહિત અન્ય વિવિધ રચનાત્મક કાર્યક્રમો પણ આયોજિત કરવા વિચારણા કરાઈ હતી. આ બેઠકમાં વાવોલ વિસ્તારમાં વિકસેલ નવી સોસાયટીઓના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

# એકવાર વાઘ-સિંહનો સામનો થાય એટલે બધુ અભિમાન ઓગળી જાય

## જેના પ્રયાસો થકી રાજસ્થાનમાં વાઘની સંખ્યા વધી છે જેવા 'જંગલીઝ ગૃપ ઓફ ગુજરાત'ના સ્થાપક કિશોરસિંહ પઢિઆરે વિવિધ ક્ષેત્રના અનેક વ્યવસાયિકોથી માંડીને બાળકો યુવાનોમાં વન્યજીવ સૃષ્ટિ પ્રત્યે લગાવ વધાર્યો છે : પ્રકૃતિ શિબિરથી માંડીને જંગલમાં સ્વચ્છતા અભિયાન અને લાંબુ આયુષ્ય ધરાવતા વૃક્ષો અને ઘાસનું વાવેતર કરવા સાથે પર્યાવરણ ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે




ગાંધીનગર, તા.૩૦

ગત દિવાળીના દિવસોથી ગાંધીનગરના સચિવાલયમાં દીપડો ઘુસી આવવાની ઘટનાથી માંડીને ગીરના સિંહોના થયેલા ટપોટપ મૃત્યુ ઉપરાંત વન્ય પ્રાણીઓ દ્વારા વન્યકર્મીઓ સહિત માનવીઓ પર વધી રહેલા હુમલા સંદર્ભે પર્યાવરણ પ્રેમીઓ તથા વન્યજીવ અભ્યાસુઓ દ્વારા સરકારની અણઘડ નીતિ તેમજ સતત કપાઈ રહેલા જંગલો સહિતને જવાબદાર માનવામાં આવી રહ્યા છે. આ સાથે વન્ય પ્રાણીઓના સંવર્ધન તથા સંરક્ષણ માટે અસરકારક લાગણીશીલ નીતિને અમલમાં મુકવા સહિત જનજાગૃતિ વધારવાને પ્રાથમિકતા આપવાનું વન્યજીવ અભ્યાસુઓ સમજી રહ્યા છે. ગાંધીનગરના એક એવા વન્યજીવ અભ્યાસુ જેમણે સ્થાપેલા ગ્રુપના પ્રયાસથી રાજસ્થાનમાં વાઘની સંખ્યામાં વધારો થયો છે એટલું જ નહી પરંતુ તેમણે શહેરમાં અનેક ક્ષેત્રના નાગરિકોને વન્યજીવ સૃષ્ટિ અને પર્યાવરણમાં રસ લેતા કેળવી જીવનમાં નવી રોમાંચતાનો ઉમેરો કર્યો છે.

ગાંધીનગરમાં જયારે પણ વન્ય પ્રાણી સૃષ્ટિની વાત થાય ત્યારે પહેલું નામ જે હોઠે આવે તેવા કિશોરસિંહ પઢિયાર આગામી તા. ૨જી જાન્યુઆરીએ ૫૮મા વર્ષમાં પ્રવેશ કરશે પરંતુ આજે પણ તેમનો જોમ-જુસ્સો કોઈ પણ યુવાનને શરમાવે તેવો છે. ભરૂચ પાસેના પીલુદ્રા ગામના વતની અને ગાંધીનગરમાં સિંચાઈ ખાતામાં ડેપ્યુટિ એન્જિનીયરની ફરજ બજાવતા ચંદ્રસિંહ તથા જેઓ સ્વાતંત્ર્ય સેનાની રહી ચુકયા છે તેવા સૂરજબાના ત્રણ દિકરા અને બે દિકરી એમ પાંચ સંતાનોમાંના વચ્ચેના ક્રમના કિશોરસિંહ જયારે પ્રાથમિક શાળામાં હતા ત્યારથી તેમનો પરિવાર ગાંધીનગરમાં આવીને વસ્યો હતો. તેમનું બોચાસણ જેવા પવિત્રધામમાં મોસાળ હતું જયાં બાળપણના વેકેશન દરમિયાન રવિશંકર, પંડિતજી અને ગંગાબા જેવા સ્વાતંત્ર્યસેનાનીઓની સેવા કરવાનો મોકો પામેલા કિશોરસિંહે રસાયણશાસ્ત્ર સાથે ગ્રેજયુએશન બાદ તે સમયે નવા આવેલા ઈલેકટ્રોનિકસ વિષયનો પણ અભ્યાસ કર્યો હતો. જેના કારણે ઈલેકટ્રોનિકસ સાધનોનો ઉપયોગ કરવા પર તેમની પકડ વધી હતી. વર્ષ ૧૯૮૩માં અમદાવાદમાં સુરેશભાઈ શુકલની સંસ્થા વિશ્વભારતી ખાતે તેમને રૂ. ૮૮૦ના પગારથી ઈલેકટ્રોનિકસ વિષય ભણાવવાની નોકરી મળી, પછીથી તેમાં તત્કાલિન આચાર્ય મેહુલભાઈ ભટ્ટ દ્વારા કિશોરસિંહનો વધુનો વધુ જવાબદારી સોંપવામાં આવી હતી. આજ દિન સુધી આ નોકરી તેમના જીવનનું વ્યવસાયિક અંગ બની રહી છે. જેમાંથી તેમણે ૧૯૯૪-૯૫માં પહેલીવાર પંચમહાલના જંગલોમાં પર્યાવરણ શિબિરમાં ભાગ લીધો હતો અને ત્યારથી તેમની પ્રકૃતિ તેમજ વન્યજીવો પ્રત્યે લાગણીશીલતા વિકસી હતી. આ પછી તેમણે સંસ્થામાં ઈકો કલબ ચાલુ કરી હતી જેને સમગ્ર ભારતમાં 'બેસ્ટ ઈકો કલબ'ના અવોર્ડથી નવાજવામાં આવી હતી. વર્ષ ૧૯૯૭માં તેમણે અન્ય વન્યજીવ પ્રેમીઓના સાથે રહીને 'જંગલીઝ ગૃપ ઓફ ગુજરાત'ની સ્થાપના કરી હતી. આ ગૃપનું નામ વન અધિકારી ડૉ. સનત ચૌહાણે સૂચવ્યા મુજબ રાખ્યું હતું એટલું જ નહી આ ગૃપમાં આજ સુધી તેમણે જાતે પ્રમુખનો હોદ્દો પણ ધારણ કર્યો નથી પરંતુ આ ગૃપ થકી તેમણે અત્યાર સુધીમાં ૧ હજારથી વધુ પ્રકૃતિ શિબિરો યોજવા સાથે વન વિભાગ સાથે કાર્યરત રહી ગીધ, સારસ તથા પાણીકાંઠાના પક્ષીઓથી માંડીને વાઘ-સિંહ અને દીપડા જેવા હિંસક પ્રાણીઓની ગણતરી તથા સંરક્ષણ-સંવર્ધન માટે અમૂલ્ય યોગદાન આપ્યું છે. એટલું જ નહિ દરિયાકાંઠે દરિયાની ખારાશને ચુસી લેતા મીઠાચુસણા એટલે કે ચેરના વાવેતરથી માંડીને રાજસ્થાનના નેશનલ પાર્કસમાં વૃક્ષારોપણ અને સ્વચ્છતા અભિયાનોમાં પણ ઉપયોગી કામગીરી કરી છે.





જેમના માર્ગદર્શનથી ગાંધીનગરમાં ભજીયાની લારી ચલાવતા અમિત ગોંડ જેવા અનેક યુવાનો વાઈલ્ડ લાઈફના અભ્યાસ બની ચુકયા છે તેવા કિશોરસિંહ પઢિઆરે વરિષ્ઠ પત્રકાર ગૌતમ પુરોહિતની પ્રેરણાથી વન્યજીવ સૃષ્ટિ વિષયે અખબારી થકી અમૂલ્ય જાગૃતિ આણવાનું કામ વર્ષો સુધી કર્યું છે. જો કે ગુજરાતમાં વાઘ લુપ્ત થવું તેમને ખુંચતું હતું તેથી વાઘના સંવર્ધન અંગે તેમણે કામ કરવાનું શરૂ કર્યું અને ૧૯૯૮માં પહેલીવાર રણથંભોર ટાઈગર નેશનલ પાર્કમાં વાઘની ગણતરી કરવા જોડાયા હતા. સતત ૨૦ વર્ષ સુધી આ ક્ષેત્રે તેઓએ કાર્યરત રહી બાળકોથી માંડી અનેક વ્યવસાયિકોને પણ આ કામમાં જોતરવા પ્રેરિત કર્યા એટલું જ નહિ પરંતુ તેમના ગૃપના પ્રયાસો થકી રાજસ્થાનના સવાઈ માનસિંહ સેન્ચ્યુરી પાર્કમાં જયાં એક પણ વાઘ નહોતો ત્યાં વિવિધ પ્રકારના ઘાસનું વાવેતર કરી ઘાસના જંગલો ઉભા કર્યા. આ કારણે અહીં તૃણાહારી પ્રાણીઓ વધતા વાઘ દીપડાંનો વસવાટ પણ શકય બન્યો અને આજે આ પાર્કમાં ૨૦થી વધુ વાઘની સંખ્યા થવા પામી છે. આજ પ્રકારની કામગીરી કરવા તેમને સરિસ્કા ટાઈગર રીઝર્વ પાર્કમાં કરવા આમંત્રિત કરાયા છે અને તેમાં હાલ ગૃપ સાથે કાર્યરત છે. કિશોરસિંહ પઢિઆરે વૈષ્ણવ પરિવારના શિલ્પાબેન સાથે લગ્ન કર્યા છે અને તેમની મોટી દકરી ડૉ. હિમાની શાહ પણ ત્રણ વાર વાઘની ગણતરીમાં જોડાઈ ચુકી છે, જયારે દિકરો શૈલરાજ હાલ ઓસ્ટ્રેલિયામાં આઈટી એન્જિનીયર હોવા સાથે કાંગારૂઓના સંરક્ષણ સંવર્ધન માટે કાર્યરત છે. કિશોરસિંહે મોટી વયે જર્નાલિઝમનો અભ્યાસ પણ કર્યો અને કૃષ્ણકાંત જહાની પ્રેરણાથી અનેક પત્રકારોને વન્યસૃષ્ટિ પ્રત્યે સંવેદનશીલતા સાથે પત્રકારત્વ કરવા માર્ગદર્શિત પણ કર્યા છે.

આજે રાજયના વન વિભાગમાં જેમની પ્રકૃતિ શિબિરના તાલીમાર્થી કહેવાય તેવા ૪૦થી વધુ વિદ્યાર્થીઓ વિવિધ હોદ્દા શોભાવી રહ્યા છે અને ૧૧ જેટલા વિદ્યાર્થી તો રણથંભોરમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત છે તેવા કિશોરસિંહને જંગલમાં અનેક અનુભવોનું ભાથું મળ્યું છે. એકવાર તો તેઓ ઢાળમાં ઉતરતા હતા અને પાછળ માત્ર છલાંગ લગાવી શકે તેટલે એક વાઘ આવી પહોંચ્યો હતો પરંતુ વાઘની આંખમાં આંખ પરોવી હરણ જેવો અવાજ કાઢતા વાઘની પાછળ તરફ જોયું જેથી વાઘે પાછળ કોઈક છે તેવું સમજી પાછળ મ્હોં ફેરવતા કિશોરસિંહ દૂર સરકી ગયા હતા. એકવાર તેઓ ખુલ્લી જીપમાં પાછળ બેઠા હતા ત્યારે મછલી નામની વાઘણ અચાનક આવી જીપ સાથે તેનું શરીર ઘસી પુંછડીથી થપથપાવતી પસાર થઈ ગઈ હતી. અનેકવાર વાઘને માત્ર બે ચાર ફુટના અંતરેથી નિહાળી ચુકેલા કિશોરસિંહ હજુ સુધી એ વાઘણની ગંધ, કદ, રંગ અને અવાજને ભુલી શકયા નથી. સવારે ૪ વાગે ઉઠી અમદાવાદ નોકરી પહોંચી જતા કિશોરસિંહ સાયન્સ સીટીથી માંડી ગીરમાં બથેશ્વર કેમ્પ સાઈટ સુધી રિસોર્સ પર્સન રહી ચુકયા છે પરંતુ તેઓ માને છે કે, 'જયારે વાઘ-સિંહ જેવા વન્યજીવ તમારી નજીક આવી જાય ત્યારે તમે માનવી તરીકે કેટલા પામર છો તેનો અહેસાસ થાય છે અને તમારું બધું અભિમાન ઓગળી જાય છે.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com